મહેમદાવાદ અને વસો પંથકના ગામ અને સીમ વિસ્તાર તળાવમાં ફેરવાયાં, હજારો વીઘા ડાંગરનો પાક જળમગ્ન થતાં ખેડૂતો ચિંતિત

ખેડામાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ : જળપ્રલય જેવી સ્થિતિ

પ્રી-મોન્સૂન કામગીરીના નામે થયેલા ભ્રષ્ટાચારે ખેડૂતોને રાતા પાણીએ રોવડાવ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.27

ખેડા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી અવિરત વરસી રહેલા ભારે વરસાદે ભયંકર તારાજી સર્જી છે. નડિયાદ, વસો, માતર અને મહેમદાવાદ સહિતના તાલુકાઓમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા સમગ્ર પંથકમાં જળપ્રલય જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. વરસાદી પાણીના નિકાલના અભાવે હજારો વીઘામાં ઉભેલો ડાંગરનો પાક સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ જતાં ખેડૂતો પાયમાલ થયા છે.

મહેમદાવાદ પંથકમાં ૨૫ ઈંચથી વધુ વરસાદ ખાબકતા કુણા ગામ, હીરાચંદની મુવાડી અને નવા કુણા ગામની સીમમાં ખેતરો તળાવમાં ફેરવાયા છે. વસો તાલુકામાં પણ ખેતરોમાં ૭ થી ૮ ફૂટ જેટલા પાણી ભરાઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે, ખેડૂતોએ વીઘા દીઠ ૫ હજાર રૂપિયાથી વધુનો ખર્ચ કરીને ડાંગરની રોપણી કરી હતી, પરંતુ હવે તૈયાર પાક અને ધરૂ પાણીમાં કોહવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. ખેડૂતોએ સરકાર પાસે તાત્કાલિક સર્વે કરી આર્થિક સહાયની માંગ કરી છે.

મહેમદાવાદના કુણા ગામ અને આસપાસની સીમમાં જ્યાં નજર જાય ત્યાં માત્ર પાણી જ પાણી જોવા મળી રહ્યું છે, જે ખેડૂતોને થયેલા અકલ્પનીય નુકસાનનો પુરાવો આપે છે. ચોમાસા પૂર્વે લાખોના ખર્ચે કરાતી કાંસ અને ગટર સફાઈની કામગીરી માત્ર કાગળ પર જ રહી હોવાનું આ જળબંબાકાર સાબિત કરે છે. ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતના કારણે પાણીના નિકાલની સમસ્યા વકરી હોવાનો રોષ જોવા મળી રહ્યો છે.

ખેડા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દિવસોથી ભરાયેલા ગંદા પાણીને કારણે મચ્છરોનો ઉપદ્રવ અને દુર્ગંધ વધી ગઈ છે. જો આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક દવાનો છંટકાવ કરવામાં નહીં આવે, તો ડેન્ગ્યુ અને મેલેરિયા ફાટી નીકળવાની પૂરેપૂરી શક્યતા છે.

લોકો જોખમી મુસાફરી કરવા મજબૂર

ખેડા જિલ્લામાં માત્ર ખેતી જ નહીં, પરંતુ જનજીવન પર પણ આ જળબંબાકારની માઠી અસર પડી છે. પીજ અને વસોને જોડતા મુખ્ય હાઇવે પર ૨ થી ૩ ફૂટ પાણી ફરી વળતા વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે. વૈકલ્પિક વ્યવસ્થાના અભાવે લોકો જીવના જોખમે ઘસમસતા પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા છે.

ખેતરોમાં પાણી જ પાણી... ખેડૂતોની મહેનત પર વરસાદનું ગ્રહણ : ડાંગર-બાજરીના પાક પર જોખમ

આણંદ જિલ્લાના આઠેય તાલુકામાં પાક પર ભારે નુકસાનનું સંકટ ઘેરાયુ

ભારે વરસાદને કારણે ખેતી પાક માટે નુકશાની વેઠવાનો વારો

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૭

સમગ્ર આણંદ જિલ્લામાં સતત ત્રણ દિવસ વરસેલા ધોધમાર વરસાદે ખેડૂતોની આશા પર પાણી ફેરવી દીધું છે. આણંદ, બોરસદ, આંકલાવ, પેટલાદ, તારાપુર, સોજિત્રા, ખંભાત અને ઉમરેઠ તાલુકાના અનેક ગામોમાં ખેતરો વરસાદી પાણીથી છલકાઈ જતાં હજારો એકરમાં ઉભેલા ડાંગર, બાજરી સહિતના વિવિધ પાકને નુકસાન થવાની ભીતિ ઊભી થઈ છે. અનેક વિસ્તારોમાં ખેતરો તળાવમાં ફેરવાઈ ગયા હોવાથી ખેડૂતોની ચિંતા વધી ગઈ છે.

ચોમાસું સિઝનમાં વાવેતર માટે તાજેતરમાં જ ખેડૂતો દ્વારા મોંઘા બિયારણ, ખાતર, દવા અને મજૂરી પાછળ મોટો ખર્ચ કરીને વાવેતર કરવામાં આવ્યું હતું. જોકે, વાવેતર બાદ જ ભારે વરસાદ પડતાં ખેતરોમાં એકાદ દોઢ ફૂટ સુધી પાણી ભરાઈ ગયા છે. ખેતરોમાં પાણીના લાંબા સમય સુધી ભરાવાથી ડાંગરના રોપા પીળા પડી જવાની, બાજરી સહિતના અન્ય પાકના મૂળ સડી જવાની અને ઉત્પાદન પર ગંભીર અસર થવાની ચિંતા પ્રસરી છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ હાલ પાણીનો ભરાવો એટલો વધુ છે કે ખેતરોમાં પ્રવેશ કરવો પણ મુશ્કેલ બન્યો છે. પાણી ઓસર્યા બાદ જ પાકને થયેલા વાસ્તવિક નુકસાનનો અંદાજ આવશે, પરંતુ હાલની સ્થિતિ જોતા મોટાપાયે આર્થિક નુકસાન થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. ખેતી આધારિત પરિવારોમાં ભારે ચિંતા છવાઈ ગઈ છે.

ખેડૂતોએ સરકાર અને કૃષિ વિભાગને તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વે હાથ ધરી પાક નુકસાનનું મૂલ્યાંકન કરવા, યોગ્ય વળતર જાહેર કરવા તેમજ વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરી છે.

વકીલ અને અરજદારોને અવરજવર કરવામાં પડતી ભારે મુશ્કેલી

કપડવંજ કોર્ટ સંકુલમાં પાણીના નિકાલના અભાવે જળબંબાકાર

માર્ગ અને મકાન વિભાગની નિષ્ક્રિયતા સામે વકીલોમાં રોષ

તસવીરઃ હરિશ જોષી

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૭

કપડવંજ શહેરમાં પડેલા નજીવા વરસાદે જ કોર્ટ સંકુલની નબળી વ્યવસ્થાની પોલ ખોલી દીધી છે. કોર્ટના મુખ્ય પ્રવેશદ્વાર પર જ વરસાદી પાણી ભરાઈ જવાથી કાનૂની કામકાજ માટે આવતા વકીલો, અસીલો અને અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્રોતો અનુસાર, કપડવંજ કોર્ટ સંકુલના મુખ્ય પ્રવેશદ્વાર પર નજીવા વરસાદમાં જ અડધા ફૂટ જેટલા પાણી ભરાઈ ગયા છે. આ પાણી ભરાવાના કારણે કોર્ટમાં આવતા વકીલો અને અરજદારોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે અને લોકોને મજબૂરીવશ આ પાણીમાંથી પસાર થવું પડે છે.

આ સમસ્યા અંગે વકીલો દ્વારા અનેક વખત માર્ગ અને મકાન વિભાગ સમક્ષ રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. વહીવટી તંત્રની આ ઉપેક્ષાને કારણે વકીલોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

બોરસદના માર્ગો જળમગ્ન થતાં વાહનવ્યવહાર ઠપ

વહીવટીતંત્ર દ્વારા જોખમી રસ્તાઓ પર બેરિકેડિંગ કરી લોકોને સાવચેત રહેવા અપીલ

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૭

આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં છેલ્લા ત્રણ દિવસથી સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે સમગ્ર પંથકમાં જનજીવન પ્રભાવિત થયું છે. ખેતરો અને તળાવો છલકાઈ જતાં અનેક મુખ્ય અને અંતરિયાળ માર્ગો પાણીમાં ગરકાવ થયા છે, જેના પરિણામે વાહનવ્યવહારને વ્યાપક અસર પહોંચી છે.

બોરસદ તાલુકાના અનેક ગામોને જોડતા માર્ગો પર વરસાદી પાણી ફરી વળતા માર્ગ-મકાન વિભાગ અને પંચાયત હસ્તકના રસ્તાઓ બંધ કરવાની ફરજ પડી છે. ખાસ કરીને રાસ-ખાનપુર-રણોલી-સૈજપુર ગામોને જોડતા માર્ગ પર નિર્માણાધીન ગરનાળાનું ડાયવર્ઝન ભારે પ્રવાહમાં ધોવાઈ જતાં આ વિસ્તારનો વાહનવ્યવહાર ખોરવાયો છે. વાહનચાલકોને લાંબા અંતરના વૈકલ્પિક માર્ગોનો આશરો લેવો પડી રહ્યો છે. તંત્ર દ્વારા પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને અસરગ્રસ્ત માર્ગો પર બેરિકેડિંગ અને સૂચના બોર્ડ લગાવવામાં આવ્યા છે. અધિકારીઓએ લોકોને જોખમી મુસાફરી ટાળવા વિનંતી કરી છે. વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, વરસાદી પાણી ઓસર્યા બાદ નુકસાન પામેલા રસ્તાઓનું તાત્કાલિક સમારકામ હાથ ધરી વાહનવ્યવહાર પૂર્વવત કરવામાં આવશે.

પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સમાં ૧૫ વર્ષનો હિસાબ માંગતા મામલો બિચક્યો

પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સમાં સત્તાનો જંગ ચરમસીમા પર પહોંચ્યો

બોગસ લેટર પેડ કાંડ બાદ પોલીસ ફરિયાદની તૈયારી

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૭

પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ અને વર્તમાન સભ્યો વચ્ચે સત્તા માટે જંગ જામ્યો છે. બંને કમિટીઓના હોદ્દેદારો સામે સામે આક્ષેપો કરી રહ્યા છે. જેની વચ્ચે વેપારીઓ, મહાજનો, ઉદ્યોગપતિઓ ભારે મુંઝવણ અનુભવી રહ્યા છે. જો કે વર્તમાન હોદ્દેદારો કાયદાકીય રીતે કાર્યરત હોવા સાથે દરેક કામ ઠરાવ કરીને જ કરતા હોવાનું માલુમ પડી રહ્યું છે. આ હુંસાતુંસી દરમ્યાન ઉપપ્રમુખે જણાવ્યું હતું કે પૂર્વ સભ્યો કાનૂની કાર્યવાહીથી બચવા હવાતીયા મારે છે. આ ઉપરાંત તેઓએ કોઈ જ રાજીનામું નહીં આપ્યું હોવાનું પણ જણાવ્યું હતું.

પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પૂર્વ અને વર્તમાન હોદ્દેદારો વચ્ચે વિચારધારા અને કાર્ય પદ્ધતિને કારણે જોરદાર ખેંચતાણ ચાલી રહી છે. વર્તમાન હોદ્દેદારોએ પૂર્વ હોદ્દેદારોનું બોગસ લેટર પેડ કાંડ પકડી પાડતાં મામલો છેક પોલીસ મથક અને કાનૂની લડત સુધી પહોંચી રહ્યો છે. આ મામલે ઉપપ્રમુખ અરવિંદભાઈ ભાવસારે આક્રોશ પૂર્વક સ્પષ્ટ જણાવ્યું હતું કે, મેં કોઈ રાજીનામું ક્યારેય આપ્યું નથી, જો આપ્યું હોય તો રજુ કરે. વધુમાં તેઓએ કહ્યું હતું કે પૂર્વ હોદ્દેદારો રાજકારણીઓ અને અધિકારીઓ જોડે ફોટા પડાવી સોશ્યલ મિડીયા ઉપર સસ્તી પ્રસિદ્ધિ મેળવી ગેરસમજ ઉભી કરી રહ્યા છે. પેટલાદ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બે વર્ષથી કિમો થેરાપીની સેવા ચાલુ હોવા છતાં આ કામ પૂર્વ સભ્યોએ કરાવ્યું હોવાની ખોટી વાત ફોટા વાયરલ કરી પ્રસ્થાપિત કરી હતી. આ સંસ્થામાં પૂર્વ પ્રમુખ અને બાહોશ ઉદ્યોગપતિ ભાનુભાઈ પટેલ હતા. તેઓના અવસાન પછી કારોબારી બદલાતા નિરંજન શાહ, જયેશ ઉર્ફે છપ્પન શાહ, મુકેશ ચોક્સ આણી મંડળી સત્તામાં આવી હતી. આ ત્રણેય પૂર્વ હોદ્દેદારો પાસે છેલ્લા પંદરેક વર્ષનો હિસાબ માંગતા સમગ્ર મામલો બિચક્યો હોવાનું અરવિંદભાઈ ભાવસારે જણાવ્યું હતું.

વધુમાં ઉમેર્યું હતું કે, હાલ અમે આ રજીસ્ટર્ડ થયેલી સંસ્થાની કાયદેસરના હોદ્દેદારો છે. અમારી કારોબારીમાં તમામ હોદ્દેદારો કોઈ ને કોઈ વેપાર સાથે સંકળાયેલા છે. જ્યારે પૂર્વ હોદ્દેદારો પૈકી ઉપપ્રમુખ પોતે કોઈ વેપાર કરતા જ નહીં હોવાનું જણાવ્યું હતું. આવા હોદ્દેદારો વર્ષોથી ચીટકી રહી વેપાર - રોજગાર માટે ક્યારેય કોઈ હકારાત્મક વલણ રાખ્યું નથી. જો કે હવે જોવાનું એ રહેશે કે છેલ્લા છ મહિનાથી પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સમાં ચાલી રહેલ સત્તાની સાઠમારી ક્યાં જઈને અટકે છે ?

બાલાસિનોરમાં ₹૧.૫૦ લાખનો મુદ્દામાલ ચોરાયો

જીએસપી ક્રોપ સાયન્સ લિમિટેડના પ્લાન્ટને નિશાન બનાવતા તસ્કરો

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨૭

બાલાસિનોરના ઓથવાડ સીમમાં આવેલા જીએસપી ક્રોપ સાયન્સ લિમિટેડના સોલર પ્લાન્ટમાં તસ્કરોએ ત્રાટકીને અંદાજે ૧.૫૦ લાખની કિંમતના કોપરના વાયર અને પટ્ટીઓની ચોરી કરતા ચકચાર મચી ગઈ છે. આ સંદર્ભે પ્લાન્ટના સિક્યુરિટી ગાર્ડે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બાલાસિનોરના ઓથવાડ ગામની સીમમાં જીએસપી ક્રોપ સાયન્સ લિમિટેડનો સોલર પ્લાન્ટ આવેલો છે. આ પ્લાન્ટમાં ડી.પી. ના અર્થિંગ કામ માટે મંગાવવામાં આવેલો કિંમતી સામાન ખુલ્લી જગ્યામાં રાખવામાં આવ્યો હતો. ગત ૧૪મી જુલાઇ,૨૦૨૬ના રોજ રાત્રીના સમયે કોઈ અજાણ્યા તસ્કરોએ પ્લાન્ટમાં પ્રવેશ કર્યો હતો અને ત્યાંથી અંદાજે ૪૦ કિલો વજનની કોપરની પટ્ટીઓ તથા ૧૪૦ મીટર લાંબો કેબલ વાયર મળીને કુલ ૧. ૫૦ લાખના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

આ ચોરી અંગે સોલર પ્લાન્ટમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા કુલદીપસિંહ સોલંકીએ બાલાસિનોર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ચોરીનો ગુનો નોંધી, ઘટનાસ્થળની મુલાકાત લઈ અજાણ્યા શખ્સોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

આણંદના ફ્રૂટ અને ડ્રાયફ્રૂટના બજારમાં તેજીનો માહોલ

આણંદ જિલ્લામાં ગૌરીવ્રતની પૂર્વતૈયારીઓનો ધમધમાટ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

આણંદ જિલ્લાના બજારોમાં ગૌરીવ્રતને ધ્યાનમાં રાખીને ખરીદીની રોનક જોવા મળી રહી છે. વ્રત દરમિયાન જરૂરી એવી વિવિધ ચીજવસ્તુઓ, ખાસ કરીને ડ્રાયફ્રૂટ, પૂજાપો અને જવારા વાવવા માટેની ટોપલીઓની ખરીદી માટે બજારમાં લોકોની ભારે ભીડ ઉમટી રહી છે, જેના કારણે વેપારમાં નોંધપાત્ર તેજી જોવા મળી છે.

ચરોતરમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મોંઘવારીની અસર વર્તાઈ રહી છે. બદામના ભાવમાં સામાન્ય વધારો થયો છે, જ્યારે કોપરા અને મગફળીના ભાવમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. આમ છતાં, વ્રતની પરંપરા જાળવવા માટે ગ્રાહકોમાં ઉત્સાહ યથાવત છે અને બજારમાં વધતી અવરજવરથી વેપારીઓમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

સામાન્ય જનતાને મોંઘવારીમાં રાહત મળી રહે તે માટે સમગ્ર જિલ્લામાં વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને મંડળો આગળ આવ્યા છે. આ સંસ્થાઓ દ્વારા ગૌરીવ્રત માટે વિશેષ આયોજન કરીને રાહત દરે ચીજવસ્તુઓના વેચાણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે, જ્યાં મોટી સંખ્યામાં લોકો ખરીદી કરવા માટે ઉમટી રહ્યા છે. ગૌરીવ્રતમાં જવારા વાવવાની પરંપરાનું વિશેષ મહત્વ હોવાથી, બજારમાં વિવિધ પ્રકારની સુશોભિત ટોપલીઓનું વેચાણ પણ જોરશોરથી શરૂ થઈ ગયું છે. ફળો અને અન્ય ખાદ્ય ચીજવસ્તુઓની માંગ વધતા સમગ્ર આણંદ પંથકમાં તહેવાર જેવો માહોલ સર્જાયો છે.

ચરોતરમાં આસ્થા અને ઉમંગ સાથે ગૌરીવ્રતનો પ્રારંભ

નડિયાદના પ્રાચીન શિવાલયમાં ગૌરીવ્રતના પ્રથમ દિવસે વહેલી સવારથી જ કુમારિકા બાળાઓએ ભગવાન શિવ અને માતા પાર્વતીની

વિધિપૂર્વક પૂજા-અર્ચના કરી આશીર્વાદ મેળવ્યા હતા. બાળાઓએ શિવલિંગ પર જળાભિષેક અને બિલ્વપત્ર અર્પણ કરી પરિવારના કલ્યાણ અને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાર્થના કરી હતી. શ્રાવણ માસ પૂર્વે આવતા પવિત્ર ગૌરીવ્રત નિમિત્તે ખેડા જિલ્લાના મહાદેવ મંદિરોમાં શ્રદ્ધાનો સાગર જોવા મળ્યો હતો. 'ઓમ નમઃ શિવાય'ના મંત્રોચ્ચાર અને ધૂપ-દીપથી સમગ્ર મંદિર પરિસર શિવમય બની ગયું હતું, જ્યાં બાળાઓએ શ્રેષ્ઠ જીવનસાથી અને સુખ-સમૃદ્ધિની કામના સાથે ભક્તિભાવપૂર્વક આરાધના કરી હતી.

નડિયાદની સંતરામ ઇંગ્લીશ મીડીયમ સ્કુલમાં હર્ષોલ્લાસ સાથે 'ગૌરી વ્રત'ની ઉજવણી

નડિયાદની સંતરામ ઇંગ્લિશ મીડિયમ સ્કુલમાં ગૌરી વ્રતના પ્રારંભે બાલિકાઓ દ્વારા વિધિવત રીતે ગોરમાનું સ્થાપન અને પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્યએ ઉપસ્થિત રહીને બાલિકાઓને ગૌરી વ્રતનું મહત્વ અને આપણી પ્રાચીન સંસ્કૃતિ વિશે વિસ્તૃત સમજ આપી હતી. સંસ્થાના મહંત રામદાસજી મહારાજ અને નિર્ગુણદાસજી મહારાજે બાલિકાઓને સંતરામ મહારાજની અખંડ જ્યોતના દિવ્ય આશીર્વાદ પાઠવ્યા હતા. આ ધાર્મિક મહોત્સવમાં શાળાના આચાર્યો અને બાલિકાઓએ ઉત્સાહભેર ભાગ લઈ આ પર્વની ભવ્ય ઉજવણી કરી હતી. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com